આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૪ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૨, સોમવાર; અધિક ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તમે સ્મૃતિઓ અને શબ્દોનો સમૂહ માત્ર જ છો, આટલું જ્યારે સમજશો ત્યારે તમારું મન શાંત થઇ જશે
- જે. કૃષ્ણમૂર્તિ

# ગુડાના જીડીસીઆરની સુધારા દરખાસ્તો મંજૂર

## આજકાલમાં જાહેરનામું; એમ્નીટીઝ ફીના દરોમાં ૫૦ ટકાનો વધારો : ઇન્સ્ટીટ્યુશનલ ઝોનમાં હોલોપ્લીન્થ ૨.૮ મીટરની મળતાં પાર્કિંગની સમસ્યા હળવી બનશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સામાન્ય વિકાસ નિયંત્રમ વિનિયમોમાં સુધારા કરવા માટેની રજૂ કરેલી દરખાસ્તને રાજ્ય સરકારે ગ્રાહ્ય રાખતાં આ અંગેનું વિધિવત્ જાહેરનામું આગામી એક દિવસમાં પ્રગટ કરી તે અંગે વાંધા-સૂચનો મેળવવાની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળે સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમોમાં ૮ જેટલા સુધારા સૂચવતી દરખાસ્ત રજૂ કરી હતી પરંતુ રાજ્ય સરકારે આ દરખાસ્તમાંથી પાંચ જેટલા મુદ્દાઓ ગ્રાહ્ય રાખ્યા છે. જ્યારે ૩ જેટલા મુદ્દાઓ ફગાવી દીધા છે અને હવે વાંધા-સૂચનો મેળવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ શહેરી વિકાસ સત્તામંડળે તેના દ્વારા આપવામાં આવતી આંતર માળખાકીય સુવિધાઓ અંગે વસૂલ કરવામાં આવતી ફી એમ્નીટીઝમાં વધારો સૂચવ્યો હતો. રાજ્ય સરકારે આ ફીના દરમાં ૫૦ ટકા જેટલો વધારો ગ્રાહ્ય રાખ્યો છે. જે રૂા. ૧૦૦નો દર હતો તે વધારીને રૂા. ૧૫૦ તેમજ જ્યાં રૂા. ૫૦ હતા તે વધારીને રૂા. ૭૫ કરવામાં આવ્યા છે.

ગુડાએ ઈન્સ્ટીટ્યુશનલ ઝોન, કોમર્શિયલ ઝોન, એગ્રીકલ્ચર ઝોન તેમજ રેસિડેન્શીયલ ઝોનની હાલની જોગવાઈઓમાં પણ સુધારો કરવા માટેની દરખાસ્ત કરી હતી જેને રાજ્યના શહેરી વિકાસ વિભાગ મંત્રાલયે ગ્રાહ્ય રાખી છે. જે રેસીડેન્સીયલ ઝોનમાં સુધારા દરખાસ્ત સૂચવવામાં આવી છે તેમાં ૬ મીટરને બદલે ૭.૫ મીટરની રસ્તા લંબાઈ રાખવાનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ સત્તામંડળે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારને નોલેજ કોરીડોર તરીકે ડેવલપ થઈ રહ્યાની હકીકતોને ધ્યાને રાખી તેના નિયંત્રક વિનિયમોમાં પણ સુધારા સૂચવ્યા છે.

ખાસ કરીને ઈન્સ્ટીટ્યુશનલ ઝોનમાં ૧૮ મીટરથી ઓછી પહોળાઈ ધરાવતા રસ્તા પર શાળાનો ઉપયોગ મળવાપાત્ર બને તે મહત્ત્વનો સુધારો છે. આ ઉપરાંત ૧૮ મીટરથી વધુ પહોળાઈના રસ્તા પર ફ્યુઅલ સ્ટેશન પણ મળવાપાત્ર રહેશે તેવો સુધારો સત્તામંડળ દ્વારા સૂચવવામાં આવ્યો છે.

ઈન્સ્ટીટ્યુશનલ ઝોન-૪માં પાર્કિંગની સમસ્યાને હળવી બનાવવા માટે શહેરી વિકાસ સત્તામંડળે મહત્તમ મળવાપાત્ર ઊંચાઈ ૧૩.૫૦ મીટરને બદલે ૧૩.૫૦ મીટર ઉપરાંત ૨.૮ મીટર હોલોપ્લીન્થ પણ મળવાપાત્ર રહેશે તેવો સુધારો સૂચવ્યો છે. આમ થતાં પાર્કિંગની સારી વ્યવસ્થા ઊભી કરી શકાશે.

કોમર્શિયલ ઝોન (સી-૨ અને સી-૩)માં પેટ્રોલ પંપની સાથે ફ્યુઅલ સ્ટેશનનો ઉપયોગ મળવાપાત્ર બનશે.

ખેતી વિષયક ઝોન (એજી-૧)માં સક્ષમ અધિકારીની સત્તાથી અર્થાત્ પેટ્રોલ ઉપરાંત સીએનજી અને એલપીજી સ્ટેશન ઊભું કરવાની મંજૂરી આપી શકાશે. આહારગૃહ તથા પાર્ટી પ્લોટનો ઉપયોગ કરવા માટેની મંજૂરી સક્ષમ

● અનુસંધાન પાન-૭ પર



ભારતીય જીવન વિમા નિગમ દ્વારા પોતાના સ્થાપના દિવસ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે નિગમની સેક્ટર-૧૧માં કાર્યરત કચેરી ખાતે રવિવારે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# જિલ્લા પંચાયતની ૨૪મીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ૨૪મી સપ્ટેમ્બરના રોજ મળશે. શ્રીમતી મંગીબેન પટેલના અધ્યક્ષ સ્થાને આ સામાન્ય સભા પંચાયતના સરદાર હોલ ખાતે મળશે.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ પૂર્વે આ સામાન્ય સભા મળી રહી હોવાથી તેનું રાજકીય મહત્ત્વ વિશેષ રહેશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ સામાન્ય સભામાં પંચાયતની વિવિધ સમિતિઓની મળેલી બેઠખની કાર્યવાહી નોંધોને બહાલી આપવા ઉપરાંત અગાઉની બેઠકમાં થયેલા મહત્ત્વના નિર્ણયો પરની અમલવારી અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા મકાન માટે જમીનની રાજ્ય સરકાર સમક્ષ વારંવાર માગણી કરાયા પછી પણ હજુ સુધી યોગ્ય ઉકેલ ન આવતાં પ્રમુખ સ્થાનેથી આ મુદ્દે આંદોલનાત્મક કાર્યક્રમની ઘોષણા સાથે વધુ એક વખત પ્રસ્તાવ પસાર કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

આ બેઠક વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે મળતી હોવાથી વિપક્ષ ભાજપ પણ સત્તાધારી પક્ષને બરાબર ભીંસમાં લેવાની વ્યૂહરચના તૈયાર કરી રહેલ હોવાનું જાણવા મળેલ છે.



એનએચએલનાં મેડિકલનાં વિદ્યાર્થીઓએ હડતાળ સમેટી લીધી હતી. આ સંબંધમાં રવિવારે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં આઉટ ઓફ ટર્ન જઈને ૧૫ હજાર વીજ જોડાણ અપાશે

## જોકે જોડાણ લેનાર ખેડૂત કે વ્યક્તિએ ઘાસ ઉગાડવાનું રહેશે અને જિલ્લા કલેક્ટરને ઠરાવે તે કિંમતે તેટલા જથ્થાની બાંહેધરી આપવી પડશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં વરસાદની અનિયમિતતાને ધ્યાને લઈને રાજ્ય સરકારે આઉટ ઓફ ટર્ન જઈને એકસાથે ૧૫,૦૦૦ નવા વીજ જોડાણ આપવાનું નક્કી કર્યું છે. જો કે તેમાં ઘાસચારો ઉગાડવાની પ્રથમ શરત મૂકવામાં આવી છે.

રાજ્ય મંત્રીમંડળની પેટા સમિતિની બેઠકમાં નક્કી થયા પ્રમાણે ઉર્જા વિભાગે બહાર પાડેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે અછતના સમયમાં રાજ્યમાં ઘાસચારાના વાવેતરને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તેથી જેમણે અગાઉ કૃષિ વીજ જોડાણ મેળવવાની અરજી કરી છે તેમને તાત્કાલિક વીજ જોડાણ આપી દેવામાં આવશે.

જો કે અરજદારે પશુઓ માટેના ઘાસચારાના વાવેતરની ખાત્રી આપવી પડશે. આ જોડાણો અગ્રતાના ધોરણે અપાશે.

વીજ જોડાણ મેળવવા ઈચ્છતા અરજદારોએ સબંધિત મામલતદાર તરફથી પશુઓ માટે ઘાસચારો ઉગાડવા અંગે મેળવેલા પ્રમાણપત્રને રજૂ કરવાનું રહેશે. જે તાલુકા, વિસ્તારને મહેસૂલ વિભાગ દ્વારા અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે તેને પ્રાધાન્ય આપવા સહિતના રાજ્યના કોઈપણ વિસ્તારમાં આઉટ ઓફ ટર્ન કૃષિ વીજ જોડાણ અપાશે.

વીજ જોડાણ માટે અગાઉ નોંધાયેલા હોય તેવા અરજદારોને આ જોડાણ મળવાપાત્ર થશે. આ રીતે અગ્રતાના ધોરણે આપવામાં આવનાર જોડાણ માટે સામાન્ય કૃષિ વિષયક જોડાણ લાગુ પાડવામાં આવતા વીજ દરો લાગુ પાડવાના રહેશે. અરજદારની પોતાની જમીનમાં કૂવો હયાત હોવા અંગે તથા તેમાં પાણીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તે અંગેનું સબંધિત તલાટી કમ મંત્રીનું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે અને આ પ્રકારે વીજ જોડાણ મેળવાનાર લાભાર્થીએ ઉગાડેલો ઘાસચારો સરકાર ઠરાવે તેટલા જથ્થામાં અને ઠરાવે તે કિંમતે કલેક્ટર અથવા મામલતદારને પૂરો પાડશે તેવી બાંહેધરી આપવાની રહેશે.

# દહેગામ નગરપાલિકાના નવા નગરપતિ માટે ૧૧મીએ ચૂંટણી

ગાંધીનગર, તા. ૨

દહેગામ નગરપાલિકાના નવા નગરપતિની પસંદગી માટે ૧૧ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ દહેગામ નગરપાલિકાના પ્રમુખશ્રીએ તાજેતરમાં રાજીનામું આપતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને હવે નવા નગરપતિની ચૂંટણી ૧૧મીએ યોજાશે.

દહેગામ નગરપાલિકા હાલ કોંગ્રેસ પક્ષ પાસે છે. કોંગ્રેસ પક્ષની આંતરિક જૂથબંધીને લઈ નગરપતિએ રાજીનામું આપ્યું હતું. આ અગાઉ એક કો-ઓપ્ટ સભ્યએ પણ રાજીનામું આપતાં દહેગામ નગરપાલિકા કોંગ્રેસ માટે ચિંતાનું ઘર બનેલ છે.

જોકે ૧૧મીએ સર્વાનુમતે જ નવા નગરપતિ ચૂંટાશે તેવો દાવો કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે અને આ માટે આગામી સપ્તાહે જિલ્લામાંથી નિરીક્ષકો ત્યાં જઈ સભ્યોના મન જાણી નવા નગરપતિની પસંદગી હાથ ધરશે તેમ મનાઈ રહ્યું છે.

# ગાંધીનગરમાં ૧૭મીએ સરપંચોનું મહાસંમેલન

## ૧૪ હજાર સરપંચો ઉપસ્થિત રહેશે : સરકારની કામગીરી વર્ણવતી પુસ્તિકાઓનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૨

આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે આગામી ૧૭મીના રોજ સરપંચોનું એક મહાસંમેલન ભાજપ સરકાર દ્વારા યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પંચાયત ગ્રામ ગૃહનિર્માણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા આગામી ૧૭મી અથવા ૨૨મીની આસપાસ ગાંધીનગર ખાતે સરપંચોનું એક મહાસંમેલન યોજવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાસંમેલનમાં રાજ્યના અંદાજે ૧૪ હજાર ગામડાઓના સરપંચો ઉપસ્થિત રહેનાર છે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહેનાર સરપંચોને રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કરવામાં આવેલી પ્રજાલક્ષી કામગીરી અને મેળવેલી સિદ્ધિઓ અંગેની વિગતો દર્શાવતી પુસ્તિકાઓ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે, જે આપવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો પ્રમાણે આ માટે વિભાગોને ૧૭ હજાર પુસ્તિકાઓ તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. આ તમામ પુસ્તિકાઓ વિભાગો ખાનગી મુદ્રણાલયોમાં તૈયાર કરાવશે.

ગત ઑક્ટોબર માસમાં સરપંચોનું મહાસંમેલન યોજાયું હતું જેમાં આ પ્રકારની પુસ્તિકાઓ આપવામાં આવી હતી. જેને ઘણો સારો પ્રતિસાદ મળતાં આ વખતે યોજાનાર સરપંચોના મહાસંમેલનમાં સિટીઝન સેન્ટ્રીક એલીમેન્ટ વધુ હોય તેવી બાબતોને આવરી લેતી પુસ્તિકાઓ છપાવીને આપવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વર્તમાન ભાજપ સરકાર પોતાના શાસનકાળ દરમ્યાન કરેલી પ્રજાલક્ષી કામગીરી અને મેળવેલી સિદ્ધિઓ વર્ણવતી પુસ્તિકાઓનું સરપંચોને વિતરણ કરીને ગ્રામ્યકક્ષા સુધી છેવાડાના માનવીને સરકારની કામગીરીથી માહિતગાર કરીને પ્રચાર કરવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ત્રણ મહિના જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજબ સરકાર દ્વારા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દેવામાં આવ્યા છે.

મહાસંમેલન ઉપરાંત રાજ્યમાં વિધાનસભા બેઠખવાર સરકાર દ્વારા અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ સમાજના લોકોના સંમેલનો પણ શરૂ કરવામાં આવ્યા છે જેમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજના અંતર્ગત અપાયેલ લાભો અંગેની વિગતોથી માહિતગાર કરાશે. અને કોંગ્રેસની યુપીએ સરકાર દ્વારા કરાયેલ અન્યાયને ઉજાગર કરવામાં આવશે.

# વીજ ગ્રાહકોના દીવાની કેસમાં વકીલ અને કોર્ટ સ્ટેમ્પ ફી વસૂલ નહીં થાય

## વીજળીના બાકી બીલોમાં જે કેસ થયા હશે તે માંડવાળ કરવાની એમ્નેસ્ટી ક્સીમ માટે રાજ્ય સરકારે વીજ ગ્રાહકોને વધારે લાભ કરી આપ્યો

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧

રાજ્યમાં બાકી વીજ બીલો માટે સરકારે જાહેર કરેલી એમ્નેસ્ટી સ્કીમ (માફી યોજના)માં વકીલની ફી અને કોર્ટે સ્ટેમ્પ ફીની રકમ વસૂલ નહીં કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. વીજ કંપનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા દીવાની દાવાઓ માંડવાળ કરવા માટે આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાતમાં એવાં વીજ ગ્રાહકો છે કે જેઓ વીજ બીલની બાકી રકમને કારણે વીજ જોડાણથી વંચિત છે. આ ગ્રાહકોને વીજ જોડાણની સુવિધા મળી રહે તેમજ રાજ્યમાં દરેક વ્યક્તિને વીજ સપ્લાય આપવાના ઉદ્દેશથી એક વખતના રાહતના પગલાં તરીકે માફી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્ય સરકારે એમ્નેસ્ટી સ્કીમ માર્ચ-૨૦૧૨થી અમલી બનાવી છે. આ યોજનામાં એવી શરત રાખવામાં આવી છે કે કાયદાકીય પ્રક્રિયાને પડતી મૂકે તે ગ્રાહકને આ યોજનાનો લાભ અપાશે, અથવા તો આ યોજના લાગુ કરનાર ગ્રાહકે કાયદાકીય પ્રક્રિયા સમાપ્ત કરવી પડશે. જો કે મોટા ભાગના દાવા રાજ્ય સરકારની વીજ કંપનીઓ તરફથી કરવામાં આવેલા છે.

વીજ કંપનીઓએ કરેલા કેસોમાં હાલ ગ્રાહકો પાસેથી વકીલ ફી અને સ્ટેમ્પ ફી વસૂલ કરવામાં આવે છે પરંતુ આ પ્રકારના દીવાની દાવાઓમાં કેસો માંડવાળ કરવાના આશયથી આ બન્ને ફી નહીં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જો કે આ રાહત માત્ર સ્કીમનો લાભ લેનાર ગ્રાહકને મળી શકશે.

એમ્નેસ્ટી સ્કીમનો લાભ રાજ્યની વીજ કંપનીઓ પાસેથી વીજળી લેતા કૃષિ વિષયક, વાણિજ્ય અને રહેઠાણના ગ્રાહકોને આપવામાં આવ્યો છે.

# આવતીકાલે કોબા ખાતે ભાજપ પ્રદેશ કારોબારી

અમદાવાદ, તા. ૨

ભાજપનાં પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભાજપાના ગુજરાત એકમની મહત્વની પ્રદેશ બેઠક ૪ સપ્ટેમ્બર રોજ સાંજે ૫.૦૦ કલાકે કોબા સર્કલ પાસે કડવા પાટીદાર સમાજ વાડી, નભોઇ ખાતે યોજાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યની આવી રહેલી વિધાનસભાની ચુંટણીનાં સંદર્ભમાં મળનારી આ બેઠકમાં નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ભાજપના પ્રદશ આરસી ફળદુની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં ભાજપનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષ ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રદેશ બેઠકમાં ભાજપાનાં પ્રદેશ હોદ્દેદારો, મોરચાના પ્રદેશ પ્રમુખો, મહામંત્રીઓ સેલનાં પ્રદેશ કન્વીનર-સહકન્વીનરે, જલ્લા-મહાનગરપાલીકાના ઈન્ચાર્જો, જીલ્લા-મહાનગરના પ્રમુખ-મહામંત્રીઓ, રાજ્યસભા અને લોકસભાના સંસદો, બોર્ડ નિગમના ચેરમેન-વાઈસ ચેરમેનો, ધારાસભ્યો, મહાનગરપાલિકાના મેયરો-વિપક્ષ નેતાઓ, જીલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ-વિપક્ષના નેતા સહિત ૫૦૦ જેટલા અપેક્ષિત પદાધિકારી-કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

GPSC, BANK, TET/TAT, LIC, RAILWAY
ગણિત-અંગ્રેજી
વિવેકાનંદ એકેડમી